# આજે ડૉ. આંબેડકર હોલમાં સફાઈ કર્મચારીઓની બેઠક

## આવતીકાલથી સફાઈ કર્મચારી આંદોલનના કન્વીનર વીનુભાઈ ઝાપડીયા ઉપવાસ પર બેસશે : મનપા દ્વારા ૩૦૦ સફાઈકર્મીઓ છુટા કરવાના નિર્ણયનો વિરોધ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સફાઈ કર્મચારી આંદોલનના ઉપક્રમે તા. ૨૨મી ઓગષ્ટ, સોમવારે સે. ૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે સવારે ૯ કલાકે રાજ્યના તમામ જિલ્લા, નગરપાલિકાઓના સફાઈ કામદારોના યુનિયનો તથા અગ્રણીઓની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિટીંગમાં વાલ્મિકી સમાજના આગેવાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સાથે સફાઈ કર્મચારી આંદોલનના મુખ્ય કન્વીનર વીનુભાઈ ઝાપડીયા તા. ૨૩મી ઓગષ્ટ મંગળવારથી ગાંધીનગર મનપામાંથી ૩૦૦ રોજમદાર સફાઈ કામદારોને છુટા કરવા બાબતે ઉપવાસ આંદોલન પ્રારંભ કરશે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૩૦૦ જેટલા રોજમદાર સફાઈ કર્મીઓને છુટા કરી સફાઈ કાર્યમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ દાખલ કરવાના વિરોધમાં સફાઈ કર્મચારી આંદોલન દ્વારા આ બેઠક યોજવામાં આવી છે. રાજ્યભરમાં વાલ્મિકી સમાજના સફાઈ કામદારોને અધિકારીઓ દ્વારા અત્યાચારો, જોરજુલમ કરાતો હોવાના આક્ષેપ સાથે સફાઈ કર્મીઓની પરિસ્થિતિ કફોડી બની હોવાથી આંદોલનનો માર્ગ અપનાવાયો હોવાનું જણાવાઈ રહ્યું છે. આ બેઠકમાં રાજ્યભરમાંથી વાલ્મિકી સમાજના તથા સફાઈ કામદાર યુનિયનોના અગ્રણીઓ ઉમટી પડશે અને બીજા દિવસથી વીનુભાઈ ઝાપડીયાના ઉપવાસ આંદોલન સાથે અન્ય નક્કર કાર્યક્રમો પણ ઘડી કાઢવામાં આવશે.

## પોલીસ ભરતી માટે બનાસકાંઠા જિલ્લાના ઉમેદવારોને દિન ૩૦ની નિવાસી તાલીમ અપાશે

જિલ્લા રોજગાર વિનિમય કચેરી પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે લોકરક્ષક ભરતી બોર્ડ ગુજરાત દ્વારા ગુજરાત પોલીસ દળ વર્ગ-૩ની ૧૭૫૩૨ ઉમેદવારોની ભરતી હાથ ધરેલ છે. બનાસકાંઠા જિલ્લાના ઉમેદવારોને ભરતી પૂર્વે શારીરિક તથા માનસિક ક્ષમતા કસોટી માટેની નિવાસી તાલીમ દિન ૩૦ની રાખેલ છે. ઉમેદવારોએ ગુજરાત પોલીસદળ વર્ગ-૩માં અરજી કરેલ હોય તો તે ફોર્મની ઝેરોક્ષ નકલ, વજન, છાતી, ઊંચાઈનું માપ, ૧૮ થી ૨૫ વર્ષ અને લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંમતિપત્રક ભરી રજીસ્ટ્રેશન ફોર્મ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાલનપુર ખાતે દિન ૩૦માં ભરી જવા જણાવાયું છે.



## બાયડમાં ત્રિરંગા યાત્રા યોજાઈ

બાયડ ખાતે વ્રજ ગાર્ડન સોસાયટીથી અરજણ વાવ, બાયડ ગ્રામ, પરબડી ચોકથી સુંદરપુરા તેમજ બાયડ સ્ટેશને આવી ત્રિરંગા યાત્રા પૂર્ણ થઈ હતી. દેશભરમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે સન્માનની ભાવના પેદા થાય તે હેતુથી સરકાર દ્વારા તાલુકા જિલ્લાઓમાં ત્રિરંગા યાત્રાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તે સંદર્ભે બાયડ ખાતે ત્રિરંગાયાત્રા યુવાનો, બહેનો, પોલીસજવાનો, સામાજીક સંસ્થાઓના અનેક આગેવાનો યાત્રામાં જોડાયા હતા. બાયડ ત્રિરંગાયાત્રામાં સંસદસભ્ય દિપસિંહ રાઠોડ, જિલ્લા ગ્રામ્ય પ્રમુખ રણવીરસીંહ ડાભી, નગરપાલીકા પ્રમુખ વરૂણ પટેલ, ભાજપ શહેર પ્રમુખ સ્નેહલ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૨૧

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર શહેરના સભાસદોએ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓના આગામી ઈનામ વિતરણ કાર્યક્રમ માટેના જરુરી ફોર્મ સમાજની કચેરી ખાતેતી મેળવી લેવાના રહેશે તેમજ ફોર્મમાં જરુરી વિગત ભરીને તા. ૧૦-૯-૨૦૧૬ પહેલા ફોર્મની સાથે માર્કશીટની નકલ સાથે જમા કરાવવાના રહેશે. નિયત તારીખ બાદ આવેલ ફોર્મ ઈનામની ગણત્રીમાં લેવામાં આવશે નહી.

## આર.સી. શાળા દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ શાળાના એનએસએસ યુનિટ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

એનએસએસ પ્રોગ્રામ ઓફિસર સંજય ત્રિવેદીના માર્ગદર્શનમાં ૬૦ જેટલા વિદ્યાર્થીઓએ સે-૨૨ના વિદ્યાભારતી કમ્પાઉન્ડમાં સે-૨૮ અને સે-૨૬ના ખુલ્લા મેદાનોમાં ૫૦૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા આ કાર્યક્રમમાં શાળાને વિદ્યાભારતી પરિવારનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો. વિદ્યાભારતી અધ્યયન અને પ્રશિક્ષણ કેન્દ્રના સંચાલિકા વિદ્યાબેને આ પ્રસંગે વિદ્યાર્થીઓને 'વૃક્ષ જતન, આબાદ વતન' સુત્ર બોલાવી જવાબદારી રાખવાની પ્રેરણા આપી હતી ખજાનચી હેમેન્દ્રભાઈએ પણ સ્વયંસેવકોને પ્રસંગોચિત ઉદબોધન કરી પ્રોત્સાહન પુરું પાડયું હતું. આવું સુંદર સમાજોપયોગી ઉત્પાદન કાર્ય કરવા બદલ શાળા પરિવાર તરફથી આચાર્યએ, કોર્ડીનેટરશ્રીએ એન એસ એસ યુનિટ અને પ્રોગ્રામ ઓફિસરશ્રી સંજય ત્રિવેદીને ધન્યવાદ પાઠવ્યા હતાં.

# એસટીપી વર્ગો બંધ કરી દેવાતા શ્રમજીવી પરિવારોના બાળકોનું ભાવિ અંધકારમય

## બાળકોને ખુલ્લામાં ફૂટપાથ પર પણ નિષ્ઠાથી ભણાવવાનો શ્રમ વેઠનાર બાલમિત્રને ત્રણ માસનો પગાર પણ નથી ચુકવાયો

ગાંધીનગર, તા. ૨૧

સર્વ શિક્ષા અભિયાન દ્વારા શ્રમજીવી પરિવારોના ૯ થી ૧૪ વર્ષના બાળકોને ભણાવવા માટે ચાલુ કરાયેલા એસટીપી વર્ગોને અચાનક બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે આ વર્ગોમાં અઢળક મુશ્કેલીઓનો સામનો કરી સતત સેવા આપતા નિયમિત બાળકો દ્વારા એસટીપી વર્ગના બાળકો સાથે ભેદભાવભર્યુ વર્તન અને ઉપેક્ષા કરાતી હોઈ આ બાળકો શાળામાં આવવા તૈયાર નહોતા. છેવટે બાળકોને ભણાવવાની ભેખ ધરાવતા પ્રફુલ્લાબેને ધોળાકુવા નજીક તેમના જ વિસ્તારમાં ફૂટપાથ પર જ ભણાવવાનું પ્રારંભ કર્યુ હતું અને સવારે ૧૦.૩૦ થી સાંજના ૫.૦૦



બાલમિત્ર કર્મચારીઓને છેલ્લા ત્રણ માસથી પગાર પણ ચુકવાયો નથી. એક તરફ દેશના તમામ બાળકને શિક્ષણના અધિકારના બણગાં ફૂંકવામાં આવી રહ્યાં છે જ્યારે બીજી તરફ આ વર્ગોમાં અન્ય રાજ્યોના બાળકો ભણતા હોવાથી તેને બંધ કરી આ બાળકોને અંધકારમય ભવિષ્ય તરફ ધકેલી દેવાયા છે. ગાંધીનગરના ધોળાકુવા ખાતે રક્ષાશક્તિ સર્કલ પાસે તાપ, ટાઢ અને વરસાદ સહિતની અનેક મુશ્કેલીઓ વેઠીને ફૂટપાથ પર પણ બાળકોને શિક્ષણ આપવા સતત કાર્યશીલ રહેલા બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસારને ત્રણ માસનો પગાર ચુકવાયો નથી તથા તેમના વર્ગો બંધ કરી દેવાયા છે.

દસ વર્ષથી શિક્ષણ સાથે સંકળાયેલા પ્રફુલ્લાબેનને એસટીપી વર્ગની જવાબદારી સોંપવામાં આવી હતી. આ યોજના મુજબ જે વિસ્તારમાં વધુ બાળકો મળે ત્યાં આ વર્ગો પ્રારંભ કરાવાના હતા. તેથી સે. ૨ એસએમસી તરીકે ધોળાકુવા ખાતે રક્ષાશક્તિ સર્કલ પાસે ૨૦૧૫ થી ફૂટપાથ પર ભણાવવાનું ચાલુ કરાયું હતું. આમ તો આ બાળકોને પણ શાળામાં જ ભણાવવાના હતા પરંતુ શાળાના વાગ્યા સુધી નિયમિત શિક્ષણ આવ્યું હતું. શ્રમજીવી પરિવારના બાળકો હોવાથી ખાવા-પીવા, કપડાં, રહેવા તથા પાણી વગેરે તમામ બાબતમાં અસગવડ ધરાવતા હોવા છતાં તેમના વાલીઓ બાળકોને શિક્ષણ મળવા માત્રથી આનંદિત હતા. કેટલાક સેવાભાવી દાતાઓની સહાયથી જેમ તેમ કરી આ બાળકોને શિક્ષણ માટે મદદ મળી રહેતી પરંતુ સરકારની ગ્રાન્ટના ફાયદા બાળકો સુધી પહોંચી શક્યા નથી.

આ વર્ગોમાં આઉટ સ્ટેટના બાળકો ભણે છે તેવા મૌખિક કારણો દર્શાવી વર્ગોને બંધ કરી દેવાતા આ બાળકો રઝળી પડ્યા છે. શિક્ષણના અભાવે આ બાળકોનું ભાવિ ધૂંધળુ બની જવાની ચિંતાથી તેમના શ્રમજીવી વાલીઓ પણ ચિંતામાં મુકાયા છે. વળી, આ વર્ગો માટે તનતોડ મહેનત કરનાર બાલમિત્રોને પણ ત્રણ ત્રણ માસથી પગાર ચુકવાયા નથી તેથી તેમની હાલત પણ કફોડી બની છે. સત્વરે આ બાલમિત્રોને પગાર ચુકવાય અને તેમની સાથેનો અન્યાય દૂર થાય તથા તુરંત આ વર્ગોને પુનઃ ચાલુ કરી યોગ્ય સવલતો પુરી પડાય તેવી માંગ બાલમિત્રો સહિત શ્રમજીવી પરિવારોમાં ઉઠવા પામી છે.

# શાસન વ્યવસ્થામાં યુવાનોને જોડવાનું કામ રાજીવ ગાંધીએ કર્યું હતું : ભરતસિંહ સોલંકી

ગાંધીનગર, તા. ૨૧

દેશની શાસન વ્યવસ્થા સાથે યુવાનોને જોડી યુવાભારતની કલ્પના સૌ પ્રથમ સ્વ. રાજીવ ગાંધીએ રજુ કરી ટેકનોલોજી ક્ષેત્રે ભારતનું પદાર્પણ કરાવ્યું હતું તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આજે શહેર કોંગ્રેસ અને જિલ્લા કોંગ્રેસના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ''રાજીવ ગાંધી ઉદય'' કાર્યક્રમમાં બોલતાં કહ્યું હતું.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૮ વર્ષની વયે મતાધિકાર આપી સ્વ. રાજીવ ગાંધીએ યુવાનોને દેશની શાસન વ્યવસ્થા સાથે જોડવાનો ઐતહાસિક નિર્ણય કર્યો હતો. તેમણે ટેકનોલોજીના વ્યાપ માટે જુદા જુદા મિશનોની પણ રચના કરી હતી. સંચાર ક્ષેત્રની ક્રાંતિના જનક પણ તેઓ બન્યા હતા. એસટીડી પીસીઓ થકી યુવાનોને સ્વરોજગારી તરફ લઈ જવાનું મહત્વ કદમ પણ તેમના સમયમાં ભરાયું હતું. એ પાયા પર આજે ડિજીટલ ઈન્ડિયાની મજબુત ઈમારત ઉભી થઈ રહી છે.

આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી નિશીત વ્યાસે તેમના પ્રવચનમાં સ્વ. રાજીવ ગાંધીને સાદગીની સાથે ઉચ્ચ વિચારો ધરાવતા યુવા નેતા કહી રાજ્યમાં પડેલા સતત ત્રણ દુષ્કાળ વખતે તેમણે રાજ્યની લીધેલી મુલાકાતની વાત યાદ કરી કરૂણા કેટલી ધરાવતા નેતા હતા તે પ્રસંગોને વાગોળ્યા હતા.

ડૉ. હિમાંશુ પટેલે સ્વ. રાજીવ ગાંધી આધુનિક ભારતના સ્વપ્રદ્રષ્ટા લેખાવી જણાવ્યું હતું કે તેઓએ ચીંધેલા રાહ પર કોંગ્રેસ આજે આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું હતું કે રચનાત્મક રાજનીતિ સ્વ. રાજીવ ગાંધીએ આરંભી હતી.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, સૂર્યસિંહ ડાભી, ડૉ. કૌશિક શાહ સહિતના આગેવાનોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા.

આ કાર્યક્રમમાં ડૉ. લાલજી દેસાઈ, કોંગ્રેસની વિવિધ સંગઠન પાંખોના જિલ્લાના આગેવાનો, ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, પૂર્વ ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, પૂર્વ પંજચાયત પ્રમુખ હરિભાઈ ચૌધરી, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, મંત્રી બાબુસિંહ ઠાકોર, પંચાયતના ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, કાઉન્સીલરો શૈલેન્દ્રસિંહ બિહોલા, જીતુ રાયકા, ચીમનભાઈ વિંઝુડા, મહિલા કોંગ્રેસના ભાનુમતિબેન રોહિત, કનુભાઈ પટેલ, તેજાભાઈ દેસાઈ, જયરાજસિંહ વાઘેલા, અંકિત બારોટ, અશ્વિનભાઈ બારોટ, રાકેશભાઈ જાની, મિતુલ જોશી, હર્ષજીત પંડ્યા, ટાપરિયાભાઈ, શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ, ભાવેશભાઈ દેસાઈ, માનાજી મારવાડી, અશોક શ્રીમાળી, નૌતમભાઈ સોલંકી, પ્રેમ બા હાડા, જગદીશ ઠાકોર, રાજેન્દ્રસિંહ ચાવડા, મહેન્દ્રભાઈ શ્રીમાળી, જી.જે. સોલંકી, વિક્રમસિંહ ખાચર, યુસુફભાઈ પઠાણ, હિંમતભાઈ મેકવાન, મેહુલ પટેલ, ઈશ્વરભાઈ દેસાઈ, મુકેશ મારૂ સહિતના આગેવાનો હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જયદીપ ઠાકોરે કર્યું હતું.

## એમબી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી અંતર્ગત રાખડી બનાવવાની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ધો. ૫ થી ૮ની ૫૧૧ વિદ્યાર્થીનીઓ અવનવી રાખડીઓ બનાવી હતી.

# ઓલ ઈન્ડિયા ફોટો વિડીયો ફેરનું અમદાવાદ ખાતે ભવ્ય આયોજન

ગાંધીનગર, તા. ૨૧

ઓલ ઈન્ડિયા ફોટો વિડીયો ફેર-૨૦૧૬નું ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ ગુજરાતભરના તસવીરકારોની વિશાળ હાજરી વચ્ચે આજે સવારે ઉદ્‌ઘાટન કર્યું હતું. અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ અતિથિવિશેષપદે હતા.

પ્રતિવર્ષ અમદાવાદમાં યોજાતો ઓલ ઈન્ડિયા ફોટો-વિડીયો ફેર ચાલુ વર્ષે તા. ૨૦ થી ૨૨ ઓગષ્ટ, ૨૦૧૬ દરમ્યાન સરખેજ-ગાંધીનગર રોડ પર આવેલ વાયએમસીએ ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે યોજવામાં આવ્યો છે. મેળાના આયોજક છે VPAG વિડીઓ-ફોટોગ્રાફર્સ એસોસિએશન ઓફ ગુજરાત.





રાજ્યકક્ષાના આ મેળામાં ભારતભરના ૭૦ કરતાં વધારે પ્રદર્શનકારોએ ભાગ લીધો છે. જેમાં રાષ્ટ્રિય તેમજ બહુરાષ્ટ્રિય કંપનીઓએ તેમની નવી ટેકનોલોજી રજુ કરી છે.

ગુજરાતભરમાંથી તેમજ પાડોશી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાંથી ૩૦ હજાર ઉપરાંત મુલાકાતીઓ આ ફેરની મુલાકાત લેશે એવી અપેક્ષા છે. મેળામાં તસવીરકલાને લગતા વિવિધ વર્કશોપનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

દિલ્હી કે મુંબઈ જવું ખર્ચાળ છે ત્યારે અમદાવાદમાં યોજાતા આ પ્રકારના ફોટો ફેરથી નવીન ટેકનોલોજીનો ઓછો ખર્ચે લાભ મેળવી શકાય છે.

ફોટો ફેરમાં આવવા-જવા માટે અમદાવાદ બહારના ફોટોગ્રાફરોને રાહત દરે બસ વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવેલ છે. આ ફેરમાં કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નથી.

## પાલનપુરમાં જીલ્લા કોંગ્રેસે સ્વ. રાજીવ ગાંધીની ૭૨ મી જન્મ જયંતિ નિમિતે શ્રદ્ધાજંલી અર્પી

ભારત દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધી ની ૭૨ મી જન્મ જયંતિ નિમિતે જીલ્લા કોંગ્રેસ દ્વારા પાલનપુર જીલ્લા પંચાયત ના બગીચા ખાતે આવેલ સ્વ.રાજીવ ગાંધી ની પ્રતિમાને ફુલહાર કરી શ્રદ્ધાજંલી અર્પી હતી. કોંગ્રસના આગેવાનોએ રાજીવ ગાંધી અમર રહોના નારા સાથે શ્રદ્ધાજંલી અર્પી હતી. જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ઝાકીર ચૌહાણ, ધારાસભ્ય મહેશભાઈ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ ચૌહાણ, કોંગ્રેસ આગેવાનો રાયમલજી સોલંકી, મોહનલાલ જોષી, લક્ષ્મીબેન કરેણ, અંકિતા ઠાકોર સહીત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની જાહેરાત કરવામાં આવી છે. બીજી બાજુ દહેરાદૂનથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તરાખંડના પૌરી પ્રદેશમાં વાદળ ફાટવાની ઘટનામાં સાત લોકોના મોત થયા છે અને અન્ય કેટલાક લોકો ઘાયલ થયા છે. મૃત્યુ પામેલા તમામ લોકો એક જ પરિવારના હોવાનું જાણવા મળ્યું છે. ઉત્તરાખંડ પોલીસ અને સીડીઆરએફની ટીમો બચાવ અને રાહત કામગીરી માટે ઘટના સ્થળે પહોંચી ગઈ છે. આ બનાવ ગડવાલ ડિવિઝનમાં બન્યો હોવાનું જાણવા મળ્યું છે. ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે. વાદળ ફાટકા પૌરી-શ્રીનગર હાઈવે બંધ રાખવામાં આવ્યો છે. બીજી બાજુ ઉત્તર પ્રદેશના કેટલાક ભાગોમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે.

### કેન્દ્રીય બજેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દૂર કરવા ઉપર પણ વિચારણા ચાલી રહી છે. કેન્દ્રીય બજેટ આડે હજુ ઘણો સમય છે ત્યારે સરકાર આ દિશામાં ગંભીરતાપૂર્વક આગળ વધી રહી છે. સૂત્રોનું કહેવું છે કે, સરકાર માને છે કે, બજેટ કવાયત દર વર્ષે ૩૧મી માર્ચ સુધી પુરી થવી જોઈએ. હાલમાં ફેબ્રુઆરી અને મે વચ્ચેના ગાળામાં બે તબક્કામાં આ પ્રથા ચાલે છે. બંધારણમાં બજેટ રજૂ કરવા માટે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી. સામાન્યરીતે બજેટ ફેબ્રુઆરીના છેલ્લા કારોબારી દિવસે રજૂ કરવામાં આવે છે અને ત્યારબાદ સંસદીય મંજુરીની બે તબક્કાની પ્રક્રિયા મેના મધ્ય સુધી ચાલે છે. પહેલી એપ્રિલથી નાણાંકીય વર્ષની શરૂઆત થાય છે. સરકાર બેથી ત્રણ મહિનાના ગાળા માટે જુદી જુદી વસ્તુઓ ઉપર ખર્ચને પહોંચી વળવા પુરતા પ્રમાણમાં નાણા માટે વોટ ઓન એકાઉન્ટ માટે માર્ચ મહિનામાં સંસદની મંજુરી મેળવે છે. સૂત્રોએ કહ્યું છે કે, નાણામંત્રાલયનો મત છે કે, જો પ્રક્રિયા વહેલી તકે હાથ ધરવામાં આવે તો વોટ ઓન એકાઉન્ટ મેળવવા માટેની જરૂર પડશે નહીં. ૩૧મી માર્ચ પહેલા એક જ તબક્કાની પ્રક્રિયામાં સંપૂર્ણ બજેટ મંજુર થઈ શકે છે.

### સેટેલાઈટ લોંચ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જીસેટ-૧૮ અને નવેમ્બર ૨૦૧૬માં રિસોર્સસેટ-૨એને લોંચ કરવામાં આવનાર છે.

આ તમામ ઉપગ્રહોને લોંચ કરવા ઉપર સફળતાપૂર્વક કામ ચાલી રહ્યું છે. આગામી ત્રણ વર્ષની અંદર ૭૦થી વધુ સેટેલાઈટ લોંચ કરવામાં આવનાર છે. ચંદ્રયાન-૨ મિશન પણ હાથ ધરવામાં આવનાર છે. રશિયન અંતરિક્ષ સંસ્થા પાસેથી કોઈપણ મદદ લીધા વગર ભારતનો આ સોલો પ્રોજેક્ટ મિશન રહેશે. વર્ષ ૨૦૧૮ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં અથવા તો વર્ષ ૨૦૧૭ના અંત સુધીમાં સ્વદેશીરીતે તૈયાર મિશન હાથ ધરવામાં આવનાર છે.

### મીની સત્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુદ્દાઓ ચમકે તેવી શક્યતા પણ દેખાઈ રહી છે. કોંગ્રેસ પાર્ટી ભાજપ સરકારને પાટીદાર અનામત આંદોલન, દલિતો ઉપર અત્યાચાર અને અન્ય મુદ્દાઓ ઉપર ભીંસમાં લેવાના પ્રયાસ કરી શકે છે. વિધાનસભાના સત્ર પહેલા જ ગુજરાતના ઈન્ડસ્ટ્રીની સાથે સંકળાયેલા લોકોએ ગુજરાત સરકાર સમક્ષ કેટલાક મુદ્દાઓ ઉપર રજૂઆત કરી છે. જીએસટીને લઈને આ રજૂઆત કરવામાં આવી હતી. નાણુ ખાતુ ધરાવનાર નીતિન પટેલ સાથે ઉદ્યોગજગતના પ્રતિનિધિઓએ બેઠક યોજી હતી. આ ઉપરાંત જે મુદ્દામાં સુધારાની જરૂરિયાત છે તેવા મુદ્દે રજૂઆત કરી હતી. કારોબારી સંસ્થાના કહેવા મુજબ મોડલ જીએસટી કાયદાની જોગવાઈ પૈકીની એક જોગવાઈ એવી છે જેમાં જો ટેક્સ સપ્લાયર્સ દ્વારા ચુકવવામાં ન આવે તો જટિલ સમસ્યા સર્જે છે. કેટલીક ખુબ જ કઠોર રજૂઆત પણ છે. કોંગ્રેસ પાર્ટી દ્વારા ઉઠાવવામાં આવનાર મુદ્દાના સંદર્ભમાં પણ રજૂઆત કરવામાં આવી ચુકી છે. જીએસટીને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યસભામાં જીએસટી બિલ ચોથીએ સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યું હતું ત્યારબાદ આઠમીએ લોકસભામાં પસાર કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રતિનિધિમંડળે ગઈકાલે જ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી સમક્ષ રજૂઆત કરીને ગુજરાત વિધાનસભાના સત્રને લંબાવવાની માંગ કરી હતી. આનંદીબેન પટેલે મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપી દીધા બાદ વિજય રૂપાણીને ગુજરાતની જવાબદારી સોંપવામાં આવી હતી. વિજય રૂપાણીના નેતૃત્વમાં ગુજરાત સરકાર પ્રથમ વખત વિધાનસભા સત્રનો સામનો કરશે. મુખ્યમંત્રી પોતે પણ ભાજપની પ્રતિષ્ઠાને વધારવા માટે મક્કમ બનેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા ગુજરાત વિધાનસભાની સ્થાપિત, પ્રણાલિકા પ્રમાણે વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષનું પદ વિરોધપક્ષને ફાળવવા માટે માંગ કરી ચુક્યા છે. સન ૨૦૦૨થી વિધાનસભામાં ઉપાધ્યક્ષનું પદ ખાલી રાખવામાં આવે છે અથવા અપક્ષના ફાળે અથવા પોતાના પક્ષના ઉમેદવારને બેસાડવામાં આવે છે, ભારતીય જનતા પાર્ટી આ પ્રમાણે કરી રહી હોવનો આક્ષેપ વાઘેલા કરી ચુક્યા છે. કોંગ્રેસના નેતાઓ ટુંકા સત્રમાં સરકાર પર દબાણ લાવવા સજ્જ છે.

### ચેમ્બરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વર્ણીમ સંકુલમાં પણ જગ્યાના અભાવે સંસદીય સચિવોને બ્લોક નં. ૨ માં ચેમ્બરો ફાળવવામાં આવી છે. ત્યાં પણ સંખ્યા વધારે હોવાથી રિનોવેશનનું કામ ચાલી રહ્યુ છે જે ઉલ્લેખનીય છે.

વિધાનસભા સંકુલમાં પહેલીવાર સંસદીય સચિવોને બેસવા માટે ચેમ્બર ફાળવી શકાઈ નથી. આ સત્ર આમેય બે દિવસનું ટુંકુ સત્ર છે અને ૨૦૦૨ થી લઈ છેલ્લા ૧૪ વર્ષમાં ચોમાસુ સત્ર ક્યારેય લાંબુ બોલાવાયુ નથી.

આ વખતે વિધાનસભા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક પ્રસ્તાવ સાથે ગૃહ મુલ્તવી રહેશે જ્યારે બીજા દિવસે બે બેઠક મળે તેવી સંભાવનાઓ છે. સરકાર આ એક જ દિવસમાં ત્રણ જેટલા વિધેયકો મંજૂરી માટે રજુ કરશે અને તે પસાર કરવામાં આવશે. બપોરની બીજી બેઠકમાં અન્ય સરકારી કામકાજ ઉપરાંત છેલ્લા દિવસનો પ્રસ્તાવ ચર્ચા માટે રજુ થશે તેમ મનાઈ રહ્યુ છે.

### અમલીકરણની સમીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં વિધાનસભાનું સત્ર શરૂ થઈ રહ્યુ હોવાથી બેઠકનું સ્થળ અમદાવાદ રાખવામાં આવ્યાનું જાણવા મળેલ છે. જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ આ બેઠકમાં હાજરી આપવા બપોરે બે વાગે અમદાવાદ જશે. સોમવાર પ્રજાનો દિવસ હોવા છતાં આ બેઠક મહત્વની હોવાથી અધિકારીઓ કચેરીઓમાં મળશે નહિ.

### ઐતિહાસિક દિવસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણ મહત્વના પદે બિરાજમાન થશે તે એક ઐતહાસિક તવારીખ બનશે.

આજે વોરા અને ઠાકોરે ઉમેદવારી પત્ર ભર્યુ ત્યારે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજા, દંડક પંકજ દેસાઈ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય અશોક પટેલ, મેયર પ્રવિણભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ હીના પટેલ, તાલુકા પંચાયતના પ્રમુખ કાલુસિંહ રાઠોડ, ગુડાના ચેરમેન આશિષ દવે, મધુકર પરમાર, સંદીપ જ્યોતિકર, શહેર ભાજપના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) કેતનભાઈ પટેલ, કનુભાઈ દેસાઈ, નીતિનભાઈ પટેલ(રૂપાલ), જ્યોતિબેન બગડા, દિલીપભાઈ આર. પટેલ (દશેલા), પૂર્વમંત્રી ગાભાજી ઠાકોર સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

### મેડીકલ ઓફીસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ મૌખીક રજુઆતો પેથાપુર પાલિકામાં કરી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફ સહિતની અછતના કારણે મહિલાઓને રાત્રીના સમયમાં પ્રસુતીના સંજોગોમાં તેમજ ચોમાસા, શિયાળાની સિઝનમાં ગાંધીનગર સુધી લાંબા થવુ પડે છે. પ્રાથમિક કેન્દ્રમાં રહેવાની સગવડ હોવા છતાય કોઈ અધિકારી રહેતા નથી. જેથી પ્રાથમિક સારવાર માટે પણ ગરીબ દર્દીઓને ખાનગી ડોકટરો પાસેથી સારવાર લેવાની ફરજ પડે છે. જયારે ચોમાસાની સિઝનમાં બસ સ્ટેન્ડ વિસ્તારમાં પાણી ભરાઈ રહેતું હોવાથી વાહનો પણ મળતા નથી. તેને કારણે ગામલોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. પેથાપુરપાલિકાનું તંત્ર પણ સાવ ખાડે થઈ ગયું છે. માર્ગોની યોગ્ય મરામત તેમજ સફાઈના અભાવે ગંદકીનું સ્રામાજય છવાયું છે. જેને પગલે રોગચાળાની ભિતી પણ સેવાઈ રહી છે. ત્યારે આવા સંજોગોમાં મેડીકલ ઓફીસર સહિત સ્ટાફ તેમજ દવાનો યોગ્ય જથ્થો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ થાય તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે. જો યોગ્ય સમયે મેડીકલ ઓફિસરની જગ્યા તંત્ર દ્વારા નહી ભરાય તો નાગરીકોએ ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

### અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

કૉમર્સ કૉલેજનો જીએસ બનીને જે અનુભવ મેળવી શક્યો હશે, એના કરતાં નવ મહિનાના જેલવાસ દરમિયાન એણે જે અનુભવો કર્યા, જે રીતે એને સત્તા કે વિપક્ષ સાથે જોડવાના પ્રયાસો થયા, એના લપસણા માર્ગે પણ એ ગજગામી ચાલે ચાલતો રહ્યો એટલી પરિપક્વતા એણે કેળવી લીધી છે. ગુજરાતનું નવનિર્માણ આંદોલન કે આસામનું વિદ્યાર્થી આંદોલન એને ઘણાબધા બોધપાઠ બક્ષતું રહ્યું હશે.

- haridesai@gmail.com